**<u>અમદાવાદના મહે. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં. ૧૦ , અમદાવાદ.</u>**

ફોજદારી કેસ નં.૨૯૫૬૯/૨૦૧૮
આંક:–

**<u>આંક–૦૧ લગત હુકમ</u>**

(૧)આજ રોજ આરોપી નામદાર કોર્ટ સમક્ષ હાજર છે. નામદાર વડી અદાલત તથા ચીફ મેટ્રો. પોલિટન મેજીસ્ટ્રેટ કોર્ટના આદેશ અનુસાર આજ રોજ આ કોર્ટને સ્પેશ્યલ સીટીંગ પાર્વસ મળેલ છે.

(૨)આરોપી સામે આજ રોજ મજકુર ગુનાનું તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવતા અને આરોપીનું નિવેદન લેતા આરોપી પોતે ગુનો કબૂલ હોવાનું જણાવે છે. અને તે લગત ઈલાયદા કબૂલાત પુરસીસ પણ રજુ કરેલ છે. અને જણાવે છે કે તેઓની સામે પ્રથમ ગુનો છે. તે બદલ પસ્તાવો વ્યકત કરે છે અને પોતે કુટુંબ કબીલાવાળા ઈસમ હોય અને કુટુંબની જવાબદારી પોતાના શીરે હોય તેમજ કાયદાની અજ્ઞાનતાના કારણે ગુનો બનવા પામેલ છે. અને પોતાની ઉપર કુટુંબની જવાબદારી હોય અને ઓછામાં ઓછી સજા કરવા રજુઆત કરી છે.

(૩)આરોપીને પુછતા સ્વૈચ્છાએ ગુનાની કબૂલાત કરે છે. તેને કોઈ પણ પ્રકારનું લોભ, લાલચ, પ્રલોભન કોઈપણ રીતે આપવામાં આવેલ હોવાનું જણાતું નથી. અને આરોપી સ્વૈચ્છીક કબૂલાત કરતા હોય તે કબૂલાત આ કોર્ટ ધ્વારા આજ રોજ સ્ પેશ્યલ સીંટીંગમાં રેર્કડ કરવામાં આવેલ છે.આરોપીની કેફીયત ઘ્યાને લેતા તેની સામાજીક અને આર્થિક પરિસ્થતિ તેમજ ગુનાની અજ્ઞાનતાના કારણે ગુનો થયેલ હોવાનું અને તે બદલ પસ્તાવો વ્યકત કરતો હોવાની તમામ હકીકત આ કોર્ટ ધ્વારા નજરે લઈ સાથે સાથે ગુજરાત **પ્રોહી.એકટની કલમ ૬૬(બી),૬૫(ઈ)**ની જોગવાઈ ઘ્યાને લ ેવામાં આવેલ છે .

(૪)ઉપરોકત જોગવાઈઓ ધ્યાને લેતા તેમજ ***હાલમાં જ રાજય સરકારે પ્રસિધ્ધ કરેલ જાહેરનામું જોતા ૨૦ લીટર કરતા ઓછો દારૂનો જથ્થો હોય તો તેને અલ્પ માત્રમાં ગણી શકાશે.*** અને તે ધ્યાને લેતા હાથ પરના કેસમાં આરોપી પાસેથી કબજે કરવામાં આવેલ દેશી દારૂનો જથ્થો ૨૦ લીટર કરતા ઓછો છે. વળી આરોપી સામે ચાર્જશીટ જોતા તેમા પણ **કલમ–૬૬(બી),૬૫(ઈ)** મુજબનો ગુનો નોંધેલ હોવાનું ફલિત થાય છે. અને આ કોર્ટ ધ્વારા પણ આરોપી સામે કેવળ**૬૬(બી),૬૫(ઈ)**મુજબ તહોમતનામું ફરમાવેલ છે અને તે જોતા આરોપીને મજકુર ગુના સબબ સુધીની સજા અને દંડ કરી શકાય તેમ છે.

(૫)ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આરોપીની આર્થિક તેમજ સામાજીક સ્થિતિ ગુનો થયો તે વખતના પરિબળો આરોપીની માનસિકતા અને આરોપીએ સ્વૈચ્છાએ ગુનાની કબૂલાત કરતા હોય તેમજ ગુના બદલ પસ્તાવો પણ વ્યકત કરતા હોય તેવા સંજોગોને ધ્યાને લેતાં તેમજ આરોપી સામે અન્ય કોઈ ગુનાહીત ઈતિહાસ હોવાની કોઈ હકીકત રેકર્ડ પર ખુલવા પામેલ ન હોય કે ચાર્જશીટમાં આ બાબતની કોઈ વિગતો દર્શાવેલ ન હોય તે તમામ હકીકતને લક્ષમાં લેતા સાથે સાથે કાયદાનો હેતુ ગુનેગારને માત્ર સજા નહી પરંતુ તેને સુધારવાની તક આપી સમાજમાં તેઓનું પુર્નવસન થાય અને સમાજમાંથી આવી બદીઓ દુર થાય તે જોવાનું છે. તે તમામ હકીકત લક્ષમાં લેતા અને આરોપી પોતે ગુના બદલ પસ્તાવો વ્યકત કરતો હોય અને સમગ્ર રેર્કડ જોતા આરોપીનો કોઈ ગુનાહીત ઈતિહાસ જણાતો ન હોય આરોપીને ગુનાની મહત્તમ સજા કરવી આ કોર્ટને યોગ્ય, વાજબી અને ન્યાયોચિત જણાતું નથી.

(૬)આ કોર્ટ ધ્વારા નામદાર વડી અદાલત નટવરભાઈ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદાના સિધ્ધાંતને પણ ધ્યાનમાં લીધું છે અને આરોપીની ઉપરોકત તમામ પરિસ્થિતિને નજરે રાખી આરોપીને સુધરવાની તક મળી રહે તેવો ન્યાયિક હેતુ ધ્યાને લેતા મજકુર ગુના સબબ આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા.૫૦૦/–નો દંડ

ફરમાવવાનો હુકમ કરવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયોચિત જણાશે. તેમ ઠરાવી આરોપીને સી.આર.પી.સી.ની કલમ ૨૪૧ અંતર્ગત તકસીરવાર ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું

**<u>-:આખરી હુકમ:-</u>**

(૧)આરોપીને સી.આર.પી.સી.ની કલમ-૨૪૧ અંતર્ગત ગુજરાત **પ્રોહી. એકટની કલમ ૬૬(બી),૬૫(ઈ)**ગુનાના સબબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા.૫૦૦/- નો દંડ અને દંડ ન ભરે વધુ ૫ દીનની સાદી કેદની સજાનો હુકમ ફરમાવું છું.

(૨)મુદ્દામાલ દારૂનો જથ્થો અપીલ સમય બાદ નાશ કરવો આ સિવાય કોઈ વેલ્યુએબલ મુદ્દા માલ બાબતે અથવા વાહન બાબતે વચગાળાની કસ્ટડીનો હુકમ કરેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૨ મી માર્ચ ,૨૦૨૨ ના રોજ યોજવામાં આવેલ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૨/૦૩/૨૦૨૨.

( વી. ડી. મોઢ )
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૦, અમદાવાદ